ગાંધીનગર સમાચાર

# વિક્રમ સંવત ૨૦૭૨નું મેદનીય ફળાદેશ

- અંબારામ દા. પટેલ

નેપ્ચ્યુન - શત
પ્લુટો - પૂ.ષા.
રાહુ - ઉ.ફા.
કેતુ - પૂ.ભા.
કુર્મચક્ર પ્રમાણે

દેશના ઉત્તરીય પર્વતીય ટોચના ભાગોમાં હિમવર્ષાના યોગો રહે. ગરમી પડે.જ્યારે દેશના વાયવ્ય ભાગોમાં પણ પશ્ચિમી વિક્ષોપની અસરો રહે. ઠંડી-ગરમીના યોગોથી રોગના વાયરા જણાય. વિષમ હવામાનની વિપરીત અસરો જનધન ઉપર પણ પડે. દેશના નૈઋત્યના ભાગોમાં હવાના નાના પ્રકારના દબાણો જણાય તેની અસરો ભેજ વધારે. મીન રાશિમાં સૂર્યા બૂધ સંજોગ ઉત્તર ભારતના હવામાન ઉપર પણ તેની અસરો કરે. શનિ, મંગળના યોગો વૈશ્વિક સ્તરે યુદ્ધકારક, તેમજ મુસ્લીમ રાષ્ટ્રો, યવન રાષ્ટ્રોમાં નબળા યોગો કરે. ભારતના પશ્ચિમ ક્ષેત્રો પણ કુર્મચક્ર પ્રમાણે પ્રભાવિત થતાં જણાય. નેપ્ચ્યુન યોગો ઘણી સાવચેતી રાખવાનું સૂચન કરતા જણાય છે.

## ● ચૈત્ર :- (૮ એપ્રિલથી ૬ મે)

સૂર્ય - અશ્વિની, ભરણી
મંગળ - અનુરાધા
બુધ - કૃતિકા
ગુરુ - પૂ.ફા.
શુક્ર - રેવતી, અશ્વિની ભરણી
શનિ - જયેષ્ઠા
હર્ષલ - રેવતી
નેપ્ચ્યુન - શાત.
પ્લુટો - પૂ.ષા.
રાહુ - પૂ.ફા.
કેતુ - પૂ.ભા.

ગુરુ, રાહુ ચાંડાળયોગ ધાર્મિક બાબતો ઉપર પ્રભાવિત રહે. યવન, મુસ્લિમ રાષ્ટ્રોમાં આ યોગની વિપરીત અસરો જોવા મળે. ગુરૂ, શનિ, વક્રી ઘણા નબલા યોગો ઉભા કરે. વિશ્વયુદ્ધના એરણ ઉપર ઉભેલું જોવા મળે. મંગળ, શનિ પણ વક્રી ચાલે છે. ક્રૂર ગ્રહોનો વક્રી ભરડો ઘણો નબળો ગણાય છે. વિશ્વ પટલ ઉપર આતંક નાથવો પડે. બજારોની રૂખ પણ બદલાતી જોવા મળે. સાગરમાં હવાના દબાણો ઉભા થતાં જણાય. ભારે ગરમી પડે. સમસ્ત કાશ્મિર, ચીની સીમાંત પ્રદેશોમાં ગરમીની મોસમમાં પણ અવળચંડાઈ જોવા મળે. દેશના મધ્ય ભાગમાં ગરમીનું જોર ઘણુ રહે. કુર્મચક્ર પ્રમાણે મંગળ, શનિના યોગો ઘણા નબળા રહે.

## ● વૈશાખ :- (૭ મે થી ૫ જૂન)

સૂર્ય - કૃતિકા, રોહિણી
મંગળ - અનુરાધા, વિશાખા
બુધ - ભરણી, કૃતિકા
ગુરુ - પૂ.ફા.
શુક્ર - કૃતિકા, રોહિણી
શનિ - જયેષ્ઠા
હર્ષલ - રેવતી
નેપ્ચ્યુન - શત
પ્લુટો - પૂ.ષા.
રાહુ - પૂ.ફા.
કેતુ - પૂ.ભા.

વૈશાખ માસમાં પણ ગુરૂ, રાહુનો ચાંડાળ યોગ નબળા યોગનું સૂચન કરે છે. વિશ્વ શાંતિમાં ઓટ આવતી જણાશે. વિશ્વપટલ ઉપર પરસ્પર અવિશ્વાસનું વાતાવરણ ઉભુ થતુ જણાશે. વૃશ્ચિક રાશિમાં વક્રી મંગળ, શનિના યોગો પણ નબળા સમયની ગવાહી કરે છે. યોગોથી માત્ર સૂચન કરે છે. પરંતુ માર્ગ તો જે તે પ્રભાવિત દેશોમાં વસતા માનવ, નેતાઓએ કાઢવો પડે. શાંતિનો માર્ગ સરળ છે. મહાત્મા ગાંધીજીનાં મૂલ્યો વિશ્વને સમજાશે. અગ્નિખૂણાના દેશો ઘણા પ્રભાવિત થતા જણાશે. આંધ્રનો દક્ષિણ ભાગ, વિદ્યાંચલનો દક્ષિણ ભાગ, વિદર્ભના ભાગો, મરાઠાવાડ વિ. ભાગોમાં કંઈને કંઈ હરકતો ઉભી થતી જણાશે. આ ભાગોમાં ગરમી પણ ઘણી પડે. દેશનો મધ્ય ભાગ પણ નબળા યોગોથી પ્રભાવિત જણાશે. પશ્ચિમી ક્ષેત્રે બાંગ્લાદેશ, પાકિસ્તાન, વિ. પ્રભાવિત થાય.

## ● જેઠ (૬ જૂનથી ૪ જુલાઈ)

સૂર્ય - મૃગશિર્ષ, આર્દ્રા
મંગળ - વિશાખા
બુધ - રોહિણી, આર્દ્રા
ગુરુ - પૂ. ફા.
શુક્ર - આર્દ્રા, પુનર્વસુ
શનિ - જયેષ્ઠા
હર્ષલ - રેવતી, અશ્વિની
નેપ્ચ્યુન - સત
પ્લુટો - પૂ.ષા.
રાહુ - પૂ. ફા.
કેતુ - પૂ. ભા.

હર્ષલનો મેષ રાશિમાં પ્રવેશ દેશમાં નવા કાયદા કાનૂન કે નવીનીકરણ થતુ જોવા મળે. વિશ્વમાં નવીન કાર્યરચનાનો પવન ફુંકાતો જોવા મળે. સૂર્ય, બુધ, આર્દ્રા નક્ષત્રમાં હોવાથી દેશના ઘણા ભાગોમાં વરસાદની વકી રહે. દેશના મધ્ય ભાગોમાં વરસાદની સ્થિતિ રહે. દેશના પૂર્વ ભાગ આસામ, વિ. પ્રભાવિત થતા જોવા મળે. ચક્રવાતી બળો આસામમાં વરસાદ વરસાવી શકે અને અતિભારે વરસાદથી પૂરની સ્થિતિનું પણ નિર્માણ થતુ જોવા મળે. કાશી, બિહાર, અયોધ્યાના ભાગો, ઝારખંડ, ઓરિસ્સા, પશ્ચિમ બંગાળ, આંધ્રના કેટલાક ભાગો મોસમની કરવટની પ્રભાવિત થતા જોવા મળે.

## ● અષાઢ (૫ જુલાઈથી ૨ ઓગષ્ટ)

સૂર્ય - પુનઃ પૂષ્ય, આશ્લેષા
મંગળ - વિશાખા, અનુરાધા
બુધ - પુન, પુષ્ય, આશ્લેષા, મધા
ગુરુ - પૂ.ફા.
શુક્ર - પૂષ્ય, આશ્લૈષા, મધા
શનિ - અનુરાધા
હર્ષલ - અશ્વિની
નેપ્ચ્યુન - શત
પ્લુટો - પૂ.ષા.
રાહુ - પૂ.ફા.
કેતુ - પૂ.ભા.

મંગળ અને વક્રી શનિના યોગો વિશ્વના કોઈ ભાગો ઉપર યુદ્ધના મંડાણ થતાં જોવા મળે. ભારતમાં ચોમાસુ વરસાદમાં પણ અનિયમિતતા જોવા મળે. કોઈ ભાગમાં ભારે વરસાદથી પૂર આવે તો કોઈ ભાગમાં ઓછો વરસાદ થવાના એંધાણ જણાય. બિહાર, ઝારખંડ, ઓરિસ્સા, પશ્ચિમ બંગાળની રાજનિતી નબળા ગ્રહ યોગોથી પ્રભાવિત થતી જોવા મળે. સિંધ, કચ્છ, ગુજરાત, સૌરાષ્ટ્રના ભાગો, અફઘાનિસ્તાન વિગેરે ભાગો પણ ક્રૂર ગ્રહોના ભરડાથી યુક્ત થતા જોવા મળે. ગુજરાત-સૌરાષ્ટ્રના ઘણા ભાગોમાં સારો વરસાદ થવાના સંકેત રહે. દેશથી પશ્ચિમ ક્ષેત્રના પરદેશી વિસ્તારો નબળા ગ્રહોના ભરડામાં આવતા જોવા મળે.

## ● શ્રાવણ (૩ ઓગષ્ટથી ૧ સપ્ટેમ્બર)

સૂર્ય - આશ્લેષા, મધા, પૂ.ફા.
મંગળ - અનુરાધા,જયેષ્ઠા
બુધ - પૂ.ફા. ઉ.ફા.
ગુરુ - ઉ.ફા.
શુક્ર - મધા, પૂ.ફા. ઉ.ફા.
શનિ - અનુરાધા
હર્ષલ - અશ્વિની
નેપ્ચ્યુન - શત
પ્લુટો - પૂ.ષા.
રાહુ - પૂ. ફા.
કેતુ - શત

આ માસમાં થતો શનિ, મંગળ યોગ વિધ્વંશકારી રહે. કેટલાક દેશોના ભૂગર્ભ અણુ ધડાકાના અખતરા થતા જોવા મળે. સાગરમાં પણ યુદ્ધ જહાજોની નવીનતા સબમરીનો વિગેરે સાગરમાં મુકાતાં જોવા મળે. ગુરુ, શુક્રના યોગો દેવ, દાનવ જેવા રહેશે. વિશ્વમાં શસ્ત્ર દોડ અને અશાંતિના યોગોના મંડાણ જોવા મળે. બાહુબલી લોકો, નેતાઓ, સત્સંગી, ભક્તજનોને યાતનાઓ ભોગવવી પડે. ચિકિત્સાલયો, જંગલની પદાર્થોનો વ્યવસાય કરવાવાળા ઉપર અસરો જણાશે. અસલી, માલ-ઉત્પાદનને બદલે બિન ટકાઉ નકલી ઉત્પાદનોનું વેચાણ થતું જોવા મળશે. દક્ષિણ અગ્નિ કોણના પ્રદેશો નબળા ગ્રહોથી પ્રભાવિત થતા જોવા મળશે. દક્ષિણ ભારત, મહારાષ્ટ્રના ભાગો ક્રુર ગ્રહોથી વધુ પ્રભાવિત થતા જોવા મળશે. રાજ્યના કેટલાક ભાગોમાં પૂરની વકી રહશે.

## ● ભાદરવો (૨ સપ્ટે.થી ૩૦ સપ્ટેમ્બર)

સૂર્ય - પૂ.ફા. ઉ.ફા. હસ્ત
મંગળ - જયેષ્ઠા, મૂળ
બુધ - ઉ.ફા., વક્રગતિ, પૂ.ફા.
ગુરુ - ઉ.ફા.
શુક્ર - હસ્ત, ચિત્રા, સ્વાતી
શનિ, અનુરાધા, જયેષ્ઠા
હર્ષલ, રેવતી, વક્રી
નેપ્ચ્યુન, વક્રી, શત
પ્લુટો, વક્રી, પૂ.ષા.
રાહુ, પૂ.ફા.
કેતુ - શત

સાગરમાં હવાના દબાણો, ઉભા થતાં જણાશે. દક્ષિણ ભારતમાં પણ સારો વરસાદ થતો જોવા મળે. ચક્રવાતી બળો દેશના ઘણા ભાગોમાં વરસાદ વરસાવી શકે. ગાજવીજ અને વીજપ્રપાત સાથે વરસાદ થવાની વકી રહેશે. પાકિસ્તાન ભાગો કુદરતી કહેરમાં આવી શકે. સિંધ, કચ્છ, ગુજરાત, સૌરાષ્ટ્રના ભાગોમાં પવન સાથે વરસાદ થવાની વકી રહે. દક્ષિણ ભારતમાં પણ હવાના દબાણ ઉભાં થતાં પશ્ચિમી ક્ષેત્રો પ્રભાવિત થાય. મુંબઈ, મહારાષ્ટ્રમાં વરસાદની વકી રહે. અભિનેતા, નર્તક, ગાયન આદિ ક્ષેત્રો માટે યોગો નબળા રહે. કપાસ, તેલ, વિગેરે ઉપર બજારોની અસરો જણાશે. કપાસમાં બગાડ થતો જણાશે. ઠગ, ધોખાબાજની પ્રવૃત્તિ વધતી જણાશે.

## ● આસો (૧ થી ૩૦ ઓક્ટોબર)

સૂર્ય, હસ્ત ચિત્રા, સ્વાતિ
મંગળ, મૂળ, પૂ.ષા. ઉ.ષા.
બુધ, ઉ.ફા. હસ્ત, સ્વાતિ
ગુરુ, હસ્ત
શુક્ર, સ્વાતિ, વિશાખા, અનુરાધા, જયેષ્ઠા
શનિ, જયેષ્ઠા
હર્ષલ, વક્રી, રેવતી
નેપ્ચ્યુન, વક્રી, શત
પ્લુટો, પૂ.ષા.
રાહુ - પુ.ફા.
કેતુ - શત

દેશના દક્ષિણ, નેઋત્યના ભાગો, કુર્મ ચક્ર પ્રમાણે વધુ પ્રભાવિત થતા જોવા મળે. પશ્ચિમ અને વાયવ્યકોણના ભાગો પણ પ્રભાવિત થતા જોવા મળે. જમ્મુ-કાશ્મિર, હિમાલયના નીચેના ભાગ, ચંડીગઢ, જલંધર વિગેરે ભાગો ઉપર ગ્રહો વધુ પ્રભાવિત થતા જોવા મળશે. બંગાળના ઉપસાગર ઉપર હવાના હળવા દબાણ ઉભાં થવાથી દક્ષિણ ભારતમાં પણ વરસાદના યોગો રહે. હિમાલયની ટોચના ભાગોમાં બરફ વર્ષા જોવા મળે. જૈવિક દવાઓ, બીજ, ખાતરનું વેચાણ વધે. મોટા મોટા નિર્માણ ભવનો બને. સોની, રંગનિર્માણ કરનાર, અમીરોને પ્રિય ઉપભોકતા પદાર્થો ફેશન ડિઝાઈન વિગેરેમાં વૃદ્ધિ જણાશે.

## ● પર રાષ્ટ્રીય ભવિષ્ય

શનિનું ભ્રમણ અને વિ. સંવત ૨૦૭૨માં થતો ગુરુ-રાહુનો ચાંડળ યોગ.

જર્મની, ડેન્માર્ક, પેલેસ્ટાઈન, સીરીયા વિગેરે દેશો માટે નબળો રહે. આર્થિક મંદી તેમજ મુસ્લીમ રાષ્ટ્રોમાં સરહદે થતાં યુદ્ધો પેલેસ્ટાઈન વિગેરે દેશો માટે સારા યોગો બતાવતા નથી.

આયરલેન્ડ, પર્શીયા, જ્યોર્જીઆ, એસીયા માઈનોર વ્હાઈટ રશીયા સાયપ્રસ, પોલેન્ડ પણ મંદીના કારમા ભરડામાંથી જલ્દી બાર આવી ન શકે. જો કે મંદીના પાસા સરખાં કરવામાં કંઈક અહી આ દેશો સફળ થશે.

પશ્ચિમ ઈંગ્લેન્ડ, અમેરિકા પણ મંદીના મારમાંથી બહાર નહી આવી શકે. અમેરિકાની રાશી મિથુન મેદનીય ફળાદેશ પ્રમાણે ગણાય છે. અમેરિકા જેવા દેશમાં પણ થોડી ઘણી બેકારી આવે. સંહારક શસ્ત્રોમાં અમેરિકા સર્વોપરી રહેશે. અમેરિકાનું યુદ્ધ માનસ વકરતુ જોવા મળે. આડકતરી રીતે તે બીજા દેશોની મદદે આવશે.

આફ્રિકા, ન્યુઝીલેન્ડની સ્થિતિ પણ થોડી ઘણી નબળી રહેશે.

ફ્રાંસ, ઈટલી વિગેરેમાં થતિ મંદીનો કારમો અજગર ભરડો લેશે. આમ છતાં આ દેશોની બુદ્ધિ શક્તિથી મંદીને ઓછી કરવાના પગલાં લેતુ જોવા મળશે. યુદ્ધ શસ્ત્ર સામગ્રી વિગેરેના વેપારમાં આગળ વધશે. તુર્કસ્તાન, ગ્રીસ, સ્વીટઝરલેન્ડમાં સ્થિતિ કફોડી બનવાના સંજોગ રહે.

ચીન, જાપાન, ઓસ્ટ્રીયા, ઈજીપ્ત, તિબેટ વિગેરે ભાગોમાં પણ વૈશ્વિક મંદીની અસર જોવા મળશે. ચીનનું યુદ્ધખોર માનસ છતુ થતુ જણાશે. ભારતીય સરહદ ઉપર કંઈને કંઈ અડચણો ઉભુ કરતાં જોવા મળે. વળી ચીન, જાપાન, વિગેરે દેશોનો કુદરતી સંકટ પણ આવતુ જણાશે.

મોરોક્કો, નોર્વે વિગેરે દેશો માટે પણ સ્થિતિ સારી રહે નહિ.

અર્લીયા, હંગેરી, વિગેરે દેશો માટે પણ શનિનું ભ્રમણ નબળું રહેશે.

મેક્સીકો વિગેરે ભાગોના કુદરતી આપદાનું પ્રમાણ વધશે. વૈશ્વિક પર્યાવરણની સમતુલા ખોરવાતી જોવા મળશે.


રેડરશીયા, અફઘાનિસ્તાન વિગેરે ભાગોમાં ચાંડાળ યોગની ખરાબ અસરો જોવા મળશે. આતંકવાદી પ્રવૃત્તિ યુદ્ધ વિગેરે થતાં જોવા મળશે.

પોર્ટુગલ, સ્પેન, વિગેરે દેશો થોડે ઘણે અંશે મંદીને હટાવવા સમર્થ થતા જણાશે.

## ● પ્રાચિન વર્ષા વિજ્ઞાન


રાજાદી ફળ અંગે જોતાં, ચૈત્રી વર્ષના અધિકારીઓ. શાકે ૧૯૩૮
(૧) આ વર્ષનો રાજા શુક્ર છે.
(૨) પ્રધાન મંત્રી બુધ છે.

## ભારતની આઝાદીની કુંડળી





વર્ષ દરમ્યાન શનિ, વૃશ્ચિક રાશિમાં રહે છે. ગુરુ તા. ૧૧-૮-૨૦૧૬ થી કન્યા રાશિમાં આવે છે. રાહુ તા. ૩૦-૧-૨૦૧૬ સિંહ રાશિમાં આવે છે. મંગળ તા. ૨૦-૨-૨૦૧૬ થી વૃશ્ચિક રાશિમાં આવે છે. મંગળ-શનિ યોગ થશે. ૧૭-૬-૨૦૧૬ થી વક્રગતિથી તુલા રાશિમાં આવશે. ૧૨-૭-૨૦૧૬ થી વૃશ્ચિક રાશિમાં, તા. ૧૮-૯-૨૦૧૬થી ધન રાશિમાં આવશે. આ વર્ષમાં ગુરૂ-રાહુનો ચાંડાળ યોગ બનશે. રાહુ, કેતુ વચ્ચે અગત્યના ગ્રહો હોવાથી ભારતે ઘણી વખત કસોટીમાંથી પસાર થવું પડે. ગુરુ, રાહુ સુખ સ્થાનમાં ચાંડાણ યોગોનું સર્જન કરે છે. ધર્મ ઝનૂન અને ટકરાવ વધે. શનિ, મંગળનું ભ્રમણ ભાગીદારી સ્થાનોમાં થતુ હોવાથી પર રાષ્ટ્રીય સબંધોમાં ઘણી વખત ઓટ લાવે. શનિ, મંગળનો યોગ દેશમાં ઔદ્યોગિક ઘર્ષણો પેદા થતાં જોવા મળે. લોકસભામાં આક્ષેપો વધુ થાય. કૌભાંડો બહાર આવે.

## ભારતીય જનતા પક્ષની કુંડળી




ભાજપનું જન્મ લગ્ન મિથુન છે. લગ્નથી ત્રીજે રાહુ ગુરુ ઉપરથી પસાર થશે. ચાંડાળ યોગ કુંડળીમાં તો છે જ્યારે ગુરુ ઉપરથી ગોચરનો રાહુ પસાર થતાં પક્ષે ધાર્મિક ઝનૂનવાળા નિવેદનોથી બચવું પડે. ધાર્મિક ઝનૂન વધે. ૬ઠ્ઠા સ્થાનમાં શનિ, મંગળ, શત્રુ વિજય યોગ કરે છે.ભાજપની કુંડળીમાં શત્રુ વિજય યોગ થતો હોવા છતાં શનિ, મંગળ, ગુરુ ઉપરથી રાહુનું ભ્રમણ નબળુ રહે. એક સાંધે ત્યાં તેર તુટે તેવી પરિસ્થિતિનું નિર્માણ થાય. કન્યા રાશિનો ગુરુ થતાં ભાજપ માટે રાહતનો દમ ખેંચાય. કુંડળીમાં સઘળા ગ્રહ હંમેશા શુભ ન રહે. અશુભ યોગોમાં પુરુષાર્થનું બળ અગત્યનું છે. કર્મના બળે ભાજપ આગળ વધી શકે. કેટલાંક રાજ્યોમાં વસમો પરાજય પણ વેઠવો પડે.


## શ્રી નરેન્દ્રભાઈ મોદીની કુંડળી




પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની કુંડળીમાં ગુરુનું બળ ઘણુ રહેલ છે. ત્રિકોણ સ્થાનમાં રહેલ ગુરુ, ધર્મ ભાવ ઉપર અને લગ્નભાવ ઉપર દૃષ્ટિ કરી ચર લગ્નથી વાયુ તત્વ રાશિનો ત્રિકોણ બતાવે છે. તેમની કુંડળીમાં લગ્નેશ શુક્ર, કેન્દ્ર અને ત્રિકોણના માલિક શનિ સાથે રહી રાજ્યોને બતાવે છે.

નરેન્દ્રભાઈ મોદીની કુંડળીમાં શનિ યોગકારક હોવાથી પનોતીની અસરો થાય પરંતુ હળવી રહે. આમ છતાં પનોતીની અસરો તેમને લોઢાના ચણા ચાવવા જેવી સ્થિતિનું નિર્માણ ઘણી વખત કરે. રાહુ સિંહ રાશિમાં આવતા શનિ, રાહુની અસરો તેમજ ગોચરમાં ચાંડાળ યોગની અસરો જન્મના ગુરુની દૃષ્ટિમાં હોવા છતાં કસોટીપૂર્ણ રહે. સંઘર્ષમાંથી પણ પ્રધાનમંત્રીશ્રી, માર્ગ કાઢતાં અડગ પુરુષાર્થથી આગળ વધી શકે.


## ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ




કોંગ્રેસ પક્ષનું ત્રણ વખત વિસર્જન થયું હોવાથી પક્ષની કુંડળી અલગ અલગ પડશે. તા. ૨-૭-૧૯૭૯ના રોજ ઈન્દિરા ગાંધીએ કોંગ્રેસ આઈની રચના કરેલ.

ગોચરના ગ્રહો કોંગ્રેસ પાર્ટીને હજુ જોઈએ તેવું બળ પુરુ પાડતા નથી. વર્ષ દરમ્યાન આઠમા સ્થાનમાં શનિ, મંગળના યોગો થાય. માટે નબળા રહે. આમ છતાં ભાગ્યેશ ગુરુ કેન્દ્રમાં નીચસ્ય મંગળ આપે છે. કોંગ્રેસનું પુરુષાર્થનું બળ મજબૂત હોવા છતાં ઘણી વખત પાંચમા સ્થાનમાં ગોચરમાં થતો ચાંડાણ યોગ અવળા નિર્ણય બેવડાવે અને આ બાબતે પક્ષે ભોગવવું પડે તેવું બને. જોકે આ વર્ષના ગ્રહ સંજોગો જોતાં કોંગ્રેસ પક્ષનું સંગઠન બળ વધશે. આંતરિક મતભેદો ભુલીને પક્ષને મજબુત કરશે. તો ગ્રહ યોગો યારી આપે તેવા છે. ઘણી વખત સબળ નેતાઓની ચિરવિદાયથી પણ કોંગ્રેસને સહન કરવું પડે.


## શ્રી મનમોહનસિંહની કુંડળી




લગ્નેશ ભાગ્ય સ્થાનમાં છે. ભાગ્યનો માલિક સૂર્ય બુધ સાથે છે. ૬, ૮, ૧૨ ખાડાના સ્થાનના માલિકો ખાડામાં છે, જેના લીધે રાજયોગ થયો. શનિ મકર રાશિમાં, રાશિગત બળ પુરૂ પાડે છે. બલકે ઘણા સારા ગ્રહો હોવા છતાં કુંડળીમાં પક્ષની કુંડળી પણ અગત્યની છે.

ભૂતપૂર્વ વડાપ્રધાનશ્રી મનમોહનસિંહની કુંડળીમાં પણ ભાગ્ય સ્થાનમાંથી ગુરુનું ભ્રમણ થવા છતાં ચાંડાળ યોગનું સર્જન કરે છે. બારમે વૃશ્ચિકનો શનિ ગોચરમાં છે. જે જન્મના શનિની દૃષ્ટિમાં છે. હાલમાં મનમોહનસિંહની કુંડળી બળવાન નથી થતી પરંતુ ગોચરમાં કન્યાનો ગુરુ થતાં તેમનો સિતારો પુનઃ ચમકશે. હજુ પણ તેમની આવડતનો લાભ કોંગ્રેસ પક્ષને મળતો રહેશે.

## ગુજરાત રાજ્ય કુંડળી ચર્ચા




ગુજરાત રાજ્ય સ્થાપના - તા. ૧-૫-૧૯૬૦

ગુજરાત રાજ્યની સ્થાપના વખતે મેષ લગ્ન છે. જે ચર લગ્ન છે. ચર લગ્ન હોવાથી રાજ્યના પર રાષ્ટ્ર સાથેના સબંધો સારા રહે.

હાલમાં ચંદ્ર રાશિથી રાહુ ચોથે ચાલશે. જે રાજ્ય સરકારની ઉંઘ હરામ કરે. ગુજરાતની સ્થાપના કુંડળીમાં રાહુ છઠ્ઠે હોવાથી ગમે તેવી આપત્તિમાંથી પણ રાજ્ય સરકાર આપત્તિઓને પહોંચી વળે. તા. ૨૪-૧૨-૨૦૧૫થી મંગળ રાજ્ય કુંડળીમાં ભાગીદારી સ્થાનમાં આવતાં રાજ્ય માટે કસોટીપૂર્ણ સમય આવી શકે. કર્મેશ શનિ ગોચરમાં આઠમે ખાડાના સ્થાનમાં છે. જે ચઢાવ, ઉતરાવ જેવી સ્થિતિનું નિર્માણ કરાવી શકે. ૨૦-૨-૨૦૧૬ થી મંગળ-શનિના યોગ આપત્તિજનક યોગોનું સર્જન કરે છે. તા. ૨૦-૧-૨૦૧૭ થી ગોચરમાં મંગળ બારમે આવતાં વ્યય સ્થાનમાં અધિક વ્યય કરાવે. આમ છતાં ગુજરાત સરકાર ગમે તેવી કસોટીને પાર કરી રાજ્યનો અવિરત વિકાસ કરશે.


## પ્રિયંકા ગાંધીની કુંડળી




કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધીની કુંડળી ઉત્તમ રાજયોગનું સર્જન કરે છે. સૂર્ય, ગુરુ તેણીની યશ કિર્તિ વધારે. પનોતીકાળ હોવા છતાં ભાગ્યેશ શનિ હોવાથી તેણીની પનોતીની અસરો ઓછી કરે. પ્રિયંકા ગાંધી કોંગ્રેસ પક્ષમાં નવો પ્રાણ ફૂંકી શકે તેમ છે. શનિનું ભ્રમણ પણ શનિ સ્થાનમાં થતુ હોવાથી શત્રુ વિજય યોગનું સર્જન કરે છે. આઠમા સ્થાનમાં રાહુ હોવાથી તેણીની તબિયતનું ધ્યાન રાખવું ઘટે. ગોચરના શનિની જન્મના રાહુ ઉપર દૃષ્ટિ છે. પરાક્રમ સ્થાનમાં ચાંડાળ યોગનું સર્જન તેણીના પરાક્રમા વધારો કરે.

કન્યામાં ગુરુ આવતા તેણીની યશ કિર્તી વધે. પ્રિયંકા ગાંધીની રાજકીય દૃષ્ટિએ કુંડળી સારી ગણાય.

## શ્રીમતિ સોનિયા ગાંધીની કુંડળી




કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીની કુંડળીમાં રાહુ કેતુ વચ્ચે ગ્રહો હોવાથી તેમને ઘણી આપત્તિમાંથી પસાર થવું પડે. ગુરુ શત્રુ યોગ છે. ગુરુ, શુક્રનો યોગ કેન્દ્રમાં થતો હોવાથી નબળો રહે છે. ગ્રહયોગો જોતાં સોનિયા ગાંધીએ તબીયત સાચવવી ઘટે. ગુરુ, રાહુનો ચાંડાણ યોગ તબિયત ક્ષેત્રે નબળો રહે. વળી ગોચરમાં વૃશ્ચિકના શનિનું જન્મના સૂર્ય ઉપરથી ભ્રમણ સૂર્ય શનિ યોગ ઘણા નેતાઓને મતમતાંતરોના કારણે કોંગ્રેસથી વિમુખ થતા જોવા મળે.

જો કે આમ છતાં આ વર્ષમાં બુદ્ધિ સ્થાનમાં શનિ, મંગળના યોગો તેમના પુરુષાર્થનું બળ વધારશે અને પક્ષની આંતરિક મુશ્કેલીઓ હોવા છતાં નવો પ્રાણ પૂરવા તેણીશ્રી સફળ થશે.